# ભદ્રવર્ગના પરિભ્રમણ સિદ્ધાંતના પ્રણેતાઃ વિલ્ફ્રેડ પેરેટો

સંદિપભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિ
પીએચડી. સ્કોલર,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

## ૧. પ્રસ્તાવના

એક સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રના ઉદ્ભવ અને વિકાસની યાત્રા દોઢસો વર્ષના સમયગાળાને આવરી લે છે. યુરોપથી શરૂ થયેલી સમાજશાસ્ત્રની સફર અમેરિકા, એશિયા અને વિશ્વના અન્ય દેશોમાં પ્રસરી અને સ્થાયી થઈ. યુરોપમાં સૌ પ્રથમ ઓગસ્ટ કોંતે સમાજશાસ્ત્રને સમાજના વિજ્ઞાન તરીકે સ્થાપવાનો વ્યવસ્થિત પ્રયત્ન કર્યો. કોંતે શરૂ કરેલા આ સમાજવિજ્ઞાનને એમિલ દુર્ખાઈમ, કાર્લ માર્ક્સ, મેક્સ વેબર, હર્બટ સ્પેન્સર, હેગલ, સિમેલ, વિલ્ફ્રેટ પેરેટો, વેબ્લેન અને મીડ જેવા ચિંતકોએ સમાજશાસ્ત્રને એક સ્વતંત્ર વિજ્ઞાન તરીકે સ્થાપિત કરવામાં અસરકારક ભૂમિકા ભજવી છે. આ ચિંતકોએ સમાજશાસ્ત્રમાં સૈદ્ધાંતિક પાયાનું ચણતર કર્યું જેની ઉપર આધુનિક સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોની ઈમારત ઊભી છે. આ સૌ ચિંતકોએ સમાજશાસ્ત્રમાં આપેલા તેમના ઉત્કૃષ્ટ અને પાયાના પ્રદાનને કારણે તેમને પ્રશિષ્ટ સમાજશાસ્ત્રીઓ તરીકે ઓળખવામાં આવે છે. એકવીસમી સદીમાં વિકસેલા સમાજશાસ્ત્રના ઉદ્ભવ અને વિકાસમાં આ સૌનો અનન્ય ફાળો છે. સમાજશાસ્ત્રના એક પ્રશિષ્ટ ચિંતક તરીકે વિલ્ફ્રેટ પેરેટોના જીવન અને સમાજશાસ્ત્રમાં આપેલા તેમના પ્રદાનને સમજવાનો પ્રયત્ન કરીશું.

## ૨. વિલ્ફ્રેડ પેરેટોનું જીવન

વિલ્ફ્રેડ પેરેટોનો જન્મ ૧૫મી જુલાઈ ૧૮૪૮માં પેરીસમાં થયો. તેમનું પુરૂ નામ Vilfredo Federica Damaso Pareto હતું. તેમના પિતાનું નામ મરષીસે દ પેરેટો (Marchesi di Pareto) હતું. તેઓ ઈટાલિયન ઉમરાવ હતા. જ્યૂસપી મઝીનીને આપેલા ટેકાને કારણે સને ૧૮૩૬માં તેમને દેશવટો લેવાની ફરજ પડી અને તેઓ ફ્રાન્સ આવીને વસ્યા. જ્યાં તેમણ એક ફ્રેન્ચ સ્ત્રી સાથે લગ્ન કર્યા. વિલ્ફ્રેડના દાદાએ ઉત્તર ઈટલીને ટેકો આપ્યો હતો જેને લીધે નેપોલિયન બોનાપાર્ટે તેમને ઉમરાવ બનાવ્યા હતા. પેરેટોનું કુટુંબ નેપોલિયનના સમયથી ઈટલીના રાજકારણમાં સક્રિય હતું. સન ૧૮૬૧માં ઈટલી એક સ્વતંત્ર રાષ્ટ્ર થતાં તેના કાકા ઈટલીની સેનેટના પ્રમુખ બન્યા હતા.

પેરેટોનું શિક્ષણ ફ્રાન્સમાં શરૂ થયું હતું. પેરેટોના જન્મના દશ વર્ષ પછી તેઓ ઈટલીમાં પાછા આવ્યા અને ત્યાં પણ પોતાનું શિક્ષણ કાર્ય ચાલુ રાખ્યું. પેરેટોએ ૧૮૭૦માં ટ્યૂરીનની પૉલિટેકનિક યુનિવર્સિટીમાંથી એન્જિનિયરીંગમાં માસ્ટર ડિગ્રી મેળવી. આજ સંસ્થામાં તેમણે પોતાનો મહાશોધ નિબંધ લખી પીએચ.ડીની પદવી પણ મેળવી. રેલવેમાં તેમણે સિવિલ એન્જિનિયર તરીકેની કામગીર પણ કરી. સન ૧૮૮૬માં તેઓ ઈટલીની ફ્લોરેન્સ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર અને મેનેજમેન્ટના લેક્ચરર તરીકે જોડાયા.

સન ૧૮૮૯માં ઉંમરમાં નાની એવી રશિયન સ્ત્રી સાથે લગ્ન કર્યા જેનું નામ અલસાન્ડ્રા બક્યુનિન(Alessandra Bakounine) હતું. એક દિવસ પેરિસથી પરત આવતા પેરેટોએ પોતાનું ઘર તદ્દન ખાલી જોયું. તેમના આશ્ચર્ય વચ્ચે તેમની સ્ત્રી તેમના નોકરી સાથે ભાગી ગઈ હતી અને સાથે કિંમતી સામાન પણ લેતી ગઈ હતી. સન 1893માં સ્વિટ્ઝલેન્ડમાં લેક્ચરરના પદની ઓફર થતાં તેઓ યુનિવર્સિટી ઓફ લોસેનમાં ગયા. સન ૧૮૯૮માં તેમના કાકાનું મૃત્યુ થતાં તેમની બધી સંપતિ પેરેટોને વારસામાં મળી. તેઓએ લોસેનમાંથી રાજીનામું આપી સન ૧૯૦૯માં જીનિવા

સરોવરની કિનારે આવેલા સેલિગ્ની બંગ્લામાં પોતાની રખાત જાન રેગિસ (Jane Regis) સાથે રહેવા લાગ્યા. મૃત્યના એકસઠ દિવસ પહેલા એક વકીલની સહાયથી જાન રેગિસ સાથે પુનલગ્ન કર્યા. જાન રેગિસ પોતાની સાથે એંગોરા ઓલાદની ત્રીસ બિલાડીઓ રાખતી. આ પ્રકારના જીવનથી પેરેટો એટલો બધો ત્રાસી ગયો કે માનવજાત પ્રત્યે તેના મનમાં તિરસ્કાર ઊભો થયો. આ પૃથ્વી પર પુનજન્મ થાય તો લગ્ન નહિ કરવાનું જાહેર કર્યું. ભૌતિક સમૃદ્ધિ હોવા છતાં ભગ્ન લગ્નજીવનને લીધે તેનું વ્યક્તિગત જીવન ગંભીર મનોવ્યથામાં સપડાયેલું હતું. ૧૯મી ઓગસ્ટ, ૧૯૨૩ના રોજ ૭૫ વર્ષની વયે સ્વિઝરલેન્ડમાં તેમનું અવસાન થયું.

### ૩. વિલ્ફ્રેડ પેરેટોનું લેખનકાર્ય
પેરેટો ફ્રેન્ચ અને ઈટાલિયન ભાષા જાણતા હતા. આથી તેમના લેખનકાર્યમાં આ બંન્ને ભાષાઓનો ઉપયોગ જોવા મળે છે. તેમની પ્રથમ કૃતિ 'The Ruling Class in Italy before 1900' સને ૧૮૯૩માં પ્રસિદ્ધ થઈ. એમાં મુખ્યત્વે ઓગણીસમી સદીના અંતના ભાગના ઈટલીના રાજકીય જીવનની ચર્ચા જોવા મળે છે. 'Course d'economie politique' સન ૧૮૯૬-૯૭ અને 'Les systems socialistes 2 vols.' સન ૧૯૦૨માં પ્રસિદ્ધ થઈ. The rise and fall of the elites સન ૧૯૦૧માં પ્રસિદ્ધ થઈ. આ તેમનું પ્રથમ સમાજશાસ્ત્રીય લેખનકાર્ય છે. આ પુસ્તકમાં તેમણે ભદ્રવર્ગના પરિભ્રમણના સિદ્ધાંત પર સુંદર પ્રસ્તાવના લખી છે. 'Trattato di sociologia generale' સન ૧૯૧૬માં ફ્લોરેન્સમાં પ્રસિદ્ધ થઈ અને તેનું અંગ્રેજીમાં ભાષાંતર 1935માં 'The Mind and Society' તરીકે થયું. 'Transformazione della democrazia' સન 1921માં મિલાનમાં પ્રસિદ્ધ થઈ.

પરેટોએ સન ૧૯૦૬માં નોંધ્યું કે, ઈટલિની કુલ વસ્તીના ૨૦% ઈટાલિયન પાસે ઈટલિની કુલ સંપતિના ૮૦% ટકા સંપતિ છે. તેમનું આ અવલોકન ૮૦-૨૦ના નિયમ તરીકે ઓળખાય છે. તેમના આ અવલોકની અર્થશાસ્ત્રમાં ઘણી ચર્ચા થઈ.

### ૪. સમાજશાસ્ત્રમાં યોગદાન
પેરેટોએ સમાજશાસ્ત્રમાં આપેલા પોતાના સિદ્ધાંતોમાં તાર્કિક અને અતાર્કિક ક્રિયા, અવશિષ્ટ, મિથ્યા તર્ક અને ભદ્રવર્ગનો સિદ્ધાંત (Elite Class) મહત્વના છે. જેમાં ભદ્રવર્ગના સિદ્ધાંતથી તે વધુ જાણીતો થયો.

### ૫. તાર્કિક અને અતાર્કિક ક્રિયા
પરેટો સમાજને એક સંતુલિત તંત્રપ્રથા તરીકે જુએ છે. સમાજના એક ભાગમાં આવેલ પરિવર્તન અન્ય ભાગને અસર કરે છે તેમજ તેમાં પણ પરિવર્તન લાવે છે. અને સમાજને નિયંત્રણમાં રાખે છે. સમાજ જીવનમાં કેટલાક મહત્વના પરિબળો છે જે પરિબળોનું વિશ્લેષણ તે તાર્કિક અને અતાર્કિક ક્રિયા દ્વારા કરે છે. માનવીની બધીજ ક્રિયાઓને તાર્કિક અને અતાર્કિક ક્રિયામાં વિભાજીત કરી શકાય છે. કર્તા પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે અસરકારક સાધનોનો ઉપયોગ કરે ત્યારે તે ક્રિયાને તાર્કિક ક્રિયા કહેવામાં આવે છે અને ત્યાર બાદ જે ક્રિયાઓ તાર્કિક નથી તેઓ મોટાભાગે અતાર્કિકમાં સમાવેશ થાય છે. તાર્કિક અને અતાર્કિક ક્રિયાઓની મજબુત પકડ સમાજ પર હોય છે તેમ પેરેટો સમજાવે છે.

### ૬. અવશિષ્ટ અને મિથ્યા તર્ક
પેરેટો પોતાના અભ્યાસમાં જ્ઞાન, અભિરૂચિઓ, અવશિષ્ટ અને મિથ્યા તર્કને સમાજના મહત્વના ઘટકો માને છે. અવિશિષ્ટ માનવીની મૂળભૂત સંવેદનાઓની બાહ્ય અભિવ્યક્તિઓ છે. જ્યારે મિથ્યા તર્ક આજ સંવેદનાઓની મૌખિક અભિવ્યકિતઓ છે. આ બન્નેના મૂળ સહજવૃત્તિ અને સંવેદનાઓમાં છે. પેરેટો અવશિષ્ટને મુખ્ય છ વર્ગોમાં વિભાજીત

કરે છે. જેમાં સંયોજનાત્મક અવશિષ્ટ, સ્થાયિત્વ અવશિષ્ટ, બાહ્ય ક્રિયાઓ દ્વારા સંવેદનાની અભિવ્યક્તિના અવશિષ્ટ, સામાજિકતાના અવશિષ્ટ, વ્યક્તિમત્તાના એકીકૃતના અવશિષ્ટ, લૈંગિક અવશિષ્ટ મુખ્ય છે.

મિથ્યા તર્ક વર્તનને સમજાવવાનું એક પ્રકારનું યૌક્તિકીકરણ છે. જેમાં વ્યક્તિ પોતાના મિથ્યા તર્કને છુપાવવા માટે વિવિધ દલિલોનો સહારો લે છે. મિથ્યા તર્ક ચાર વર્ગોમાં વિભાજિત કરવામાં આવે છે. જેમાં દ્રઢકથન, અધિકાર, મનોભાવો અને સિદ્ધાંતોની અનુરૂપતા અને મૌખિક સાબિતી અથવા પ્રમાણ.

## ૭. ભદ્રવર્ગના પરિભ્રમણનો સિદ્ધાંત (Circulation of Elites)

સામાજિક સ્તરરચનાને સમજાવવા માટે પેરેટો ભદ્રવર્ગના પરિભ્રમણનો સિદ્ધાંત આપે છે. ભદ્રવર્ગ એવી વ્યક્તિઓનો બનેલો છે, જેઓ પોતપોતાના ક્ષેત્રમાં ઉત્તમ કામગીરી કરી શકે છે. ભિન્નતા માનવીની અનિવાર્ય લાક્ષણિકતા છે. સમાજના સભ્યો વચ્ચે શારીરિક, માનસિક અને સામાજિક વિષમતાઓ હોવા છતાં તે પોતાનું સંતુલન જાળવી રાખે છે. વાસ્તવમાં આ વિષમતાઓ જ સામાજિક વર્ગોની રચના કરે છે. આ વર્ગોમાં સતત સભ્યોની આવનજાવન ચાલ્યા કરે છે. આને પરિણામે સમાજનું સંતુલન સચવાઈ રહે છે. આ ઘટનાને પેરેટો ભદ્રવર્ગના પરિભ્રમણ તરીકે ઓળખાવે છે. પેરેટો માને છે કે, સમાજમાં ભદ્રવર્ગ(Elite Class) બે સ્તરમાં વહેચાયેલો છે. એક શાસક ભદ્રવર્ગ (Governing Elite) અને બીજો બિન શાસક ભદ્રવર્ગ (Non Governing Elite). શાસક ભદ્રવર્ગ રાજકીય સત્તાના દોરી સંચારમાં મહત્વની ભૂમિકા ભજવે છે. જેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રશાસનતંત્રને ચલાવતા હોય છે. જ્યારે બિન શાસક ભદ્રવર્ગ સરકારમાં હોતા નથી. તેઓ પોતાના વ્યક્તિગત કાર્યથી આ વર્ગમાં આવે છે.

સમાજમાં ભાડજીવી અથવા સિંહ સ્વરૂપના અને સટ્ટાખોર અથવા શિયાળ સ્વરૂપની લાક્ષણિકતાઓ ધરાવતા લોકોનો સમાવેશ થાય છે. ભાડાજીવી વર્ગ રૂઢિચુસ્ત, ધાર્મિક પરંપરા અને બચતમાં માને છે. જ્યારે સટ્ટાખોર વર્ગ સાહસિક, કલ્પનાશીલ, ખર્ચાળ અને નવા વિચારોમાં માને છે. નવિનતા અને સોદાબાજી તેની ખાસિયત છે. સટ્ટાખોર વર્ગ ઘૂસણખોરી કરી ભદ્રવર્ગનું સ્વરૂપ બદલી પોતે સત્તામાં કે ભદ્રવર્ગમાં આવે છે. પરંતુ જ્યારે સટ્ટાખોર વર્ગ સત્તા જાળવી રાખવામાં નિષ્ફળ જાય છે ત્યારે ભાડાજીવી વર્ગ ઘુસણખોરી કરે છે અને સત્તા પરિવર્તન લાવે છે. પેરેટો પોતાના ભદ્રવર્ગના સિદ્ધાંતના સંદર્ભમાં જણાવે છે કે, “કોઈપણ વર્ગ વધુ પડતી સત્તા લાલસા અને ભપકાદાર જીવનશૈલીમાં ડુબી જાય છે, ત્યારે તે પોતાના પતનને નોતરે છે.”

## ૮. ઉપસંહાર

પેરેટો ગર્ભશ્રીમંત કુટુંબમાંથી આવતો હોવા છતાં ભગ્ન લગ્નજીવનના કારણે તેનું વ્યક્તિગત જીવન સંઘર્ષમય રહ્યું છે. આવા શારીરિક અને માનસિક રીતે વિપરીત સંજોગોમાં પણ તે સમાજશાસ્ત્ર માટે શ્રેષ્ડ વિચારો છોડી ગયો છે. જે તેનું જમા પાસું છે. સમાજશાસ્ત્રમાં તેણે આપેલ યોગદાન અમૂલ્ય છે. વર્તમાન સમયના રાજકીય અને સામાજિક પરિવર્તનનો પેરેટો પૂર્વગામી છે. સમાજશાસ્ત્રીય વિચારધારામાં તેનું કાર્ય સાહસપૂર્ણ ગણવામાં આવે છે.

## સંદર્ભસૂચિ

1. Homans, George C and Curtis, C.P. (1934). An Introduction to Pareto: His Sociology, Alfred A. Knopf, New York
2. Meisel, J. H., Pareto and Mosca (1965). (Edited), Englewood Cliffs, New Jersey: Prentice-Hall
3. Pareto, Vilfredo (1935). The Mind and Society (edited by Arthur Livingston), Harcourt, Brace and Company, New York
4. Parmar, Y.A., (2004). Vilfredo Pareto, New Popular Prakashan, Surat
5. Powers, Charles H. (1987). Vilfredo Pareto, Sega Publication, California
6. Samuels, Warren J. (1974). Pareto on Policy, Elsevier, New York